# સુરત મહાનગરપાલિકા

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન

મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩
ફેકસ (૦૨૬૧) ૨૪૨૦૫૪૮
ફોન નં. ૨૪૨૦૫૪૭, એક્ષ. નં. ૨૦૦૩

પ્રતિ,
.........................................
.........................................
.........................................
.........................................

CZ/ENGG/OUT/No.900.
Date: 11/05/2021

વિષય :– સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર રસ્તાઓ પરના વિવિધ આઈલેન્ડો / સર્કલો (જનશકિત આઈલેન્ડ–મજુરા, ત્રિવેદી એપાર્ટ. પાસે–નાનપુરા, પુત્લી સર્કલ–નવસારી બજાર) ખાતેના ફુવારા (ફાઉન્ટેઈન)નું વાર્ષિક ધોરણે મરામત તથા નિભાવની કામગીરી અન્વયે ભાવપત્રક ભરવા બાબત.

મહાશય,

સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનના કાર્યક્ષેત્રમાં આવેલ જાહેર રસ્તાઓ પરના વિવિધ આઈલેન્ડો / સર્કલો (જનશકિત આઈલેન્ડ–મજુરા, ત્રિવેદી એપાર્ટ. પાસે–નાનપુરા, પુત્લી સર્કલ–નવસારી બજાર) ખાતેના હયાત ફુવારા (ફાઉન્ટેઈન) વાર્ષિક ધોરણે મરામત તથા નિભાવના કામે જો આપ રસ ધરાવતા હોય તો આપનું ભાવપત્રક નીચે જણાવેલ ફોર્મેટમાં, સીલ બંધ કવરમાં તા.૧૯/૦૫/૨૦૨૧ સુધીમાં કાર્યપાલક ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોન, સુરત મહાનગરપાલિકા ખાતે નીચે સહી કરનારને મળે એ રીતે મોકલી આપવા જણાવવામાં આવે છે. (કવર ઉપર વિષય તેમજ કામનું નામ લખવું.)

કામની ટુંકી વિગત :– ફુવારાના સબમર્સીબલ પંપસેટ, સ્ટાર્ટર, ઈલે. એસેસરીઝ, ગ્રીલ, પેડસ્ટલ, પાઈપીંગ, નોઝલ વિગેરે સહિત આઈલેન્ડો / સર્કલોના વાર્ષિક ધોરણે મરામત તથા નિભાવ કરવાની કામગીરી.

| ક્રમ | | પ્રતિ | | ભાવ (રૂા.) માસિક | કુલ રકમ (રૂા.) વાર્ષિક |
|---|---|---|---|---|---|
| A | B | C | D | E | F=(E X 12) |
| ૧ | જનશકિત આઈલેન્ડ મજુરાગેટ ખાતેનો ફુવારો | માસ | પ્રથમ વર્ષ માટે | | |
| | | | બીજા વર્ષ માટે | | |
| ૨ | ત્રિવેદી એપાર્ટ. પાસે, નાનપુરા ખાતેનો ફુવારો | માસ | પ્રથમ વર્ષ માટે | | |
| | | | બીજા વર્ષ માટે | | |
| ૩ | પુત્લી સર્કલ પાસે, નવસારી બજાર ખાતનો ફુવારો | માસ | પ્રથમ વર્ષ માટે | | |
| | | | બીજા વર્ષ માટે | | |
| | | | | કુલ રકમ (રૂા.) બે વર્ષ માટે | |

**નોંધ :–**

૧. ઈજારદારે ભાવપત્રકના કવર ઉપર કામનું નામ, વેપારીનું નામ, સરનામું, કોન્ટેકટ નંબર વગેરે અવશ્ય દર્શાવવાનું રહેશે.

૨. સદરહું કામની સમયમર્યાદા બે વર્ષની રહેશે. કામગીરીનો વર્કઓર્ડર મળ્યેથી ટેન્ડર રકમના ૨% સિકયોરીટી ડિપોઝીટ ભરવાની રહેશે તેમજ આ કામે કરારનામા માટે રૂા.૩૦૦/– ની કિંમતનો ગુજરાત રાજયનો સ્ટેમ્પ પેપર રજૂ કરી કરારનામું કરી જવા પ્રબંધ કરશો તેમજ જામીનગીરી અને અંડરટેકીંગ માટે અલગ અલગ રૂા.૩૦૦/–ની કિંમતનો ગુજરાત રાજયનો સ્ટેમ્પ પેપર રજૂ કરી જામીનગીરી આપી જવા પ્રબંધ કરશો.

૩. પ્રથમ વર્ષ અને બીજા વર્ષના અલગ અલગ ભાવો ભરવાના રહેશે.

૪. ઈજારદારે ઉપરોકત કામગીરી અંગે થનાર તમામ પ્રકારના ટેક્ષ, જીએસટી, વેરા, ખર્ચ સહિતના ભાવ ભરવાના રહેશે.

૫. કોઈપણ ભાવપત્રક મંજુર કરવુ કે બધા જ નામંજુર કરવાનો હકક સુરત મહાનગરપાલિકા પાસે અબાધિત રહેશે. જે અંગે કોઈપણ કારણ આપવામાં આવશે નહી.

૬. ઈજારદારે કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યા બાદ જ ભાવ ભરવા હિતાવહ છે.

૭. કોન્ટ્રાકટર મજકુર તરફથી જે માણસો રાખે તેણે રાજય સરકાર, કેન્દ્ર સરકાર તેમજ સ્થાનિક સ્વરાજયની સંસ્થાના તમામ નીતી નિયમોનું પાલન કરવાનું રહેશે તેમજ ઈલેકટ્રીકલ કામગીરી માટે ઈલેકટ્રીકલ લાયસન્સ અને સદર કામગીરીની કૌશલી (સ્કીલ) ધરાવતા વ્યકિત પાસે કરાવવાની રહેશે.

૮. સદર કામની સમયમર્યાદા વર્કઓર્ડરની તારીખથી ૨ (બે) વર્ષની રહેશે.

**ફુવારા મેઈન્ટેનન્સને લગતી કામગીરી**

- ફુવારા પરીસરમાં સાફસફાઈ કરી સ્વચ્છતા રાખવા ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.
- ફુવારાની તમામ નોઝલ, ઈનલેટ–આઉટલેટ વિગેરે દર અઠવાડીયે સર્વિસીગ કરી, ફુવારાની ધાર તથા ડીઝાઈન/પેટર્ન મેઈન્ટેઈન કરવાના રહેશે તેમજ મોટરનું વખતોવખત સ્ટાર્ટર, સર્વિસીંગ, ઓઈલીંગ, ગ્રીસીંગ વિગેરે નિયમિત કાર્યરત રાખવાનો રહેશે.
- ફુવારા માટેના મોટરપંપસેટને રીપેરીંગ, રીપ્લેસ કરવા માટે મોટરપંપસેટને ખોલવાનું અને નવેસરથી ફિટ કરવાની કામગીરી આપે કરવાની રહેશે.
- ફુવારો દરરોજ સવારે ૧૦ થી ૧ તથા સાંજે ૪ થી ૧૦ દરમ્યાન અથવા વખતો વખત સુચના મળે તે પ્રમાણે નિયમિત પણે ચાલુ / બંધ કરવાનું રહેશે.
- ફુવારો તથા ફુવારાની લાઈટો જણાવ્યા મુજબ સમયસર ચાલુ / બંધ કરવાની જવાબદારી અને જાળવણી આપની કરવાની રહેશે.
- જનશકિત આઈલેન્ડમાં ગેસ પર ચાલતી મશાલ ચોમાસા સિવાય ચાલુ રાખવી અને તેના માટે જરૂરી ગેસ બર્નર વિગેરે મેઈન્ટેન કરવાના રહેશે.

**પેમેન્ટની શરતો**

- સદર કામનું ચુકવણું દર ત્રણ માસે સંતોષકારક પુર્ણ કરવાથી અત્રેની કચેરીએ બીલ રજુ કર્યા બાદ આપવામાં આવશે તેમજ કોઈપણ જાતનું એડવાન્સ પેમેન્ટ કરવામાં આવશે નહી. બીલ આપવામાં વિલંબ કર્યેથી તે ચૂકવવા અંગે અત્રેની કોઈ જવાબદારી રહેશે નહી.
- દરેક રનીગ બીલમાં ૭% રીટેઈન્શન રકમ રાખવમાં આવશે. જે ફાઈનલ બીલમાં ચુકવવામાં આવશે.

**પેનેલ્ટીની શરતો**

- ઉપરોકત જણાવેલ ફુવારો ૨૪ કલાક થી વધુ બંધ હાલતમાં જણાતા રૂા.૫૦૦.૦૦ પ્રતિ દિન પેનલ્ટી લેવામાં આવશે અને ૪૮ કલાક થી ઉપર બંધ રહેતો રૂા.૧૦૦૦.૦૦ પ્રતિ દિન પેનલ્ટી ઈજારદારના બીલ / સીકયુરીટી ડીપોઝીટમાંથી વસુલવામાં આવશે.
- આ કામે લાગુ પડતા તમામ સેફટી અને સલામતીના તમામ નિયમોનું / રૂલ્સ રેગ્યુલેશનનું પાલન ઈજારદારે કરવાનું રહેશે અને તે સંબધિત સઘળી જવાબદારી ઈજારદારની રહેશે.

કાર્યપાલક ઈજનેર
સેન્ટ્રલ ઝોન
સુરત મહાનગરપાલિકા.

નોંધ :–

૧. ઉપરોકત કામગીરી અન્વયે સ્થળ તપાસ કરી છે અને આ કામગીરી કરવા સંમતી આપીએ છીએ.

૨. ઉપરોકત કામગીરીની સમજણ મેળવેલ છે.

ઈજારદારના સહિ સિકકા